**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૮ ટકા

# ગાંધીનગર ખાતે તટરક્ષક દિવસની ઉજવણી સંપન્ન

## દેશ પ્રત્યે સમર્પિત ભારતીય તટરક્ષક દળના જાંબાઝ જવાનો પર સમગ્ર દેશવાસીઓને ગર્વ છે : રાજ્યપાલ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જીમખાના સેક્ટર-૧૯ ખાતે યોજાયેલી ૪૪માં તટ રક્ષક દિવસની ઉજવણીના કાર્યક્રમમાં તટરક્ષક દળના અધિકારી - જવાનોને શુભેચ્છા આપતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય તટરક્ષક દળ દરિયાઇ સુરક્ષા માટે સક્ષમ છે અને ગુજરાતના ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારે આવેલા વિવિધ સ્ટેશનો પર સક્ષમતાથી રક્ષા કરી રહ્યું છે. ગુજરાતને સંવેદનશીલ બોર્ડરની જવાબદારી સવિશેષ મળી છે ત્યારે તેની સુરક્ષામાં આ દળની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશ પ્રત્યે સમર્પિત ભાવ સાથે સંપૂર્ણ જવાબદારીપૂર્વક દેશની રક્ષા






કરતા ભારતીય તટરક્ષક દળના જાંબાઝ અધિકારીઓ અને જવાનો પર સમગ્ર દેશવાસીઓને ગર્વ છે. ભારતીય તટરક્ષક દળ સમુદ્રમાં માનવીય સુરક્ષા માટે તૈનાત છે ત્યારે આપણા દેશની યુવાશક્તિને બરબાદ કરવાના આશયથી પડોશી દેશમાંથી ડ્રગ્સ ઘુસાડવાના પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે તેને નાકામિયાબ કરીને તટ રક્ષક દળ દ્વારા રાષ્ટ્ર સેવાની દિશામાં ખૂબ મોટું યોગદાન આપવામાં આવી રહ્યુ છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, સમુદ્રમાં ઘણીવાર વિપરીત પરિસ્થિતિઓને કારણે દેશના માછીમારોના જીવ જોખમમાં આવી જતાં હોય છે ત્યારે, આ વર્ષે તટ રક્ષક દળના જવાનોએ ૧૭૫ આવા માછીમારોને બચાવ્યા છે તે બાબત અભિનંદનને પાત્ર છે. સમગ્ર દેશને આ જવાનો પર સન્માન અને ગર્વ છે. આ દળનો દેશની રક્ષા પ્રત્યે જવાબદારીપૂર્વકનો સમર્પિત ભાવ સમગ્ર દેશને આશ્વસ્ત અને સુરક્ષિત હોવાનો અહેસાસ કરાવે છે. આ દળના અધિકારીઓ તથા જવાનો સ્વપ્રેરણાથી સુરક્ષા કરી રહ્યા છે તે આપણા સૌ માટે ગૌરવરૂપ છે.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કેક કાપીને ભારતીય તટરક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ભારતીય તટ રક્ષક દળનું દેશ પ્રત્યે સમર્પણ અને દળની શૌર્ય ગાથા દર્શાવતી વિડિયો ડોક્યુમેન્ટરી રજૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે પરમ વિશિષ્ટ સેવા મેડલ અને વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત એર ઓફિસર કમાન્ડઇંગ ઈન ચીફ એરમાર્શલ શ્રી એસ.કે. ગોટિયા, પ્રેસિડેન્ટ તટ રક્ષક મેડલ અને તટ રક્ષક મેડલથી સન્માનિત ઈન્સ્પેકટર જનરલ શ્રી રાકેશ પાલ, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી કુલદીપ આર્ય સહિત તટરક્ષક દળના અધિકારીઓ - જવાનો અને દળના પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મૌસમની ઠંડક અને પવનના સુસવાટા વચ્ચે પણ પુસ્તક પરબમાં વાંચનપ્રેમીઓએ દાખવ્યો ઉમળકો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં આજે ફેબ્રુઆરી માસના પ્રથમ રવિવારે ફુલગુલાબી ઠંડીમાં ઘ-૪ સર્કલ નજીક સ્વર્ણિમ પાર્ક ખાતે માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબ યોજાઈ હતી. મૌસમની અનેરી ઠંડક અને પવનના સુસવાટા વચ્ચે યોજાયેલી પુસ્તક પરબમાં સ્વર્ણિમ પાર્કમાં જોગીંગ કરવા આવેલા મોર્નિંગ વોકર્સથી માંડીને શહેરના વાંચનપ્રેમી ભાવકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

આજની પુસ્તક પરબમાં કુલ આવકનો આંકડો ૮૯૫ નોંધાયો હતો. જેમાં ૬૮૦ પુસ્તકો તથા ૨૧૫ મેગેઝીનનો સમાવેશ થાય છે. જયારે નોંધાયેલી ૨૮૧ની જાવકમાં ૧૫૮ પુસ્તકો અને ૧૨૩ મેગેઝીનનો સમાવેશ થાય છે. પુસ્તક પરબ પ્રવૃત્તિને પગલે શહેરમાં વાંચન રસિકોને તેમના



રસ અનુસારના વાંચન યોગ્ય પુસ્તકો વિના મૂલ્યે વાંચવા માટે અનેરી તક પ્રાપ્ત થઈ રહી છે જેના કારણે માતૃભાષા સહિત અન્ય ભાષાના સાહિત્ય સર્જન સુધી પહોંચવાનો અવસર પણ પ્રાપ્ત થઈ રહ્યો છે. પુસ્તક પરબના નિયમિત અને સુચારુ આયોજન માટે આત્મન ફાઉન્ડેશન સંલગ્ન સ્વયંસેવકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે જેમનો શહેરના વરિષ્ઠ સાહિત્યકારો તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અવારનવાર હાજરી આપી પ્રોત્સાહિત કરી રહ્યા છે જેના પગલે આ પ્રવૃત્તિને પાટનગરની ગૌરાન્વિત પ્રવૃત્તિઓમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

# નેનો ગાડીમાંથી વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

## રાજસ્થાનથી ગુજરાતમાં લવાઈ રહેલો દારૂનો જથ્થો ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી પકડયો : ૧ લાખના મુદ્દામાલ સાથે બે ની ધરપકડ

ગાંધીનગર, તા.૨

રાજસ્થાનથી વિદેશી દારૂનો જથ્થો ભરીને પ્રાંતિજ થઈ નેનો ગાડી અમદાવાદ તરફ જઈ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે ચંદ્રાલા પાટીયા પાસે વોચ ગોઠવીને દારૂ ભરેલી નેનો ગાડી ઝડપી પાડી હતી. એક લાખના મુદ્દામાલ સાથે ચિલોડા પોલીસે બે શખ્સોની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરતાં આ માલ રાજસ્થાનના કોઈ ગણેશ નામના બુટલેગર પાસેથી ભરીને લાવ્યા હોવાની વિગતો બહાર આવી છે. ચિલોડા પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ હાથ ધરી છે.

ચિલોડા પી.આઈ એચ.એ. જાડેજાની સૂચનાથી તેમની ટીમ હિંમતનગર - ચિલોડા હાઈવે પરથી થતી વિદેશી દારૂની હેરાફેરીને સદંતર રોકવા પ્રયત્નો કરી રહી




છે ત્યારે કોન્સ્ટેબલ વિજયસિંહને બાતમી મળી હતી કે રાજસ્થાનથી વિદેશી દારૂનો જથ્થો ભરીને એક નેનો ગાડી ચિલોડા હાઈવે ઉપર થઈને અમદાવાદ તરફ જવાની છે. આ બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ તથા તેમની ટીમ ચંદ્રાલા પાટીયા પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી અને બાતમી વાળી ગાડી પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૧૨૫ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે દારૂના જથ્થા સાથે અમરાઈવાડી વિસ્તારમાં રહેતા દશરથ શ્રીરામ પ્રજાપતિ અને સાણંદમાં રહેતા મહેન્દ્ર હરી જેઠવા નામના બંને શખ્સોને પકડી પાડયા હતા. તે બંનેની પૂછપરછ કરતા દારૂનો જથ્થો રાજસ્થાનના રાજેશ ઉર્ફે ગણેશ નામના શખ્સે ભરી આપ્યો હોવાની વિગતો બહાર આવી છે. ચિલોડા પોલીસે ગુનો નોંધીને તે દિશામાં ઊંડી તપાસ શરૂ કરી છે.

# કુડાસણ ખાતે રહેતા શિક્ષકના ઘરમાંથી બે લાખની ચોરી

## પખવાડીયા પહેલા જ પુત્રવધુએ લગ્ન પ્રસંગમાં આ દાગીના પહેર્યા હતા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક કુડાસણ ખાતે ઉમિયાકૃપા સોસાયટીમાં રહેતા આરાધના સ્કૂલના શિક્ષકના ઘરેથી કિંમતી દાગીનાની ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. બે લાખની કિંમતના દાગીનાની ચોરી અંગે શિક્ષકે આપેલી ફરીયાદને આખરે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ શહેરની સે. ૨૮ ખાતે આવેલી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મહેન્દ્રભાઈ કચરાભાઈ પટેલ કુડાસણ ખાતે ઉમીયાકૃપા સોસાયટીમાં મકાન નં. ૫૮માં રહે છે. શિક્ષક મહેન્દ્રભાઈના ઘરમાંથી તેમની પુત્રવધુના સોનાના દાગીના ગાયબ થઈ જતા તેમણે આ મામલે ફરીયાદ નોંધાવી છે. તેમની પુત્રવધુ નિમીષાબેને ૧૮મી જાન્યુઆરીએ જ અમદાવાદ ખાતે લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા ત્યારે આ દાગીના પહેર્યા હતા. ત્યારબાદ રૂમના કબાટમાં આ દાગીના મુકી દીધા હતા. ૨૨ જાન્યુઆરીએ તેમના ઘરે સ્ટીલની ગ્રીલ બનાવવા માટે કોન્ટ્રાકટરે મોકલેલા ચાર કારીગરો આવ્યા હતા. બો દિવસ આ કામ ચાલ્યુ હતુ. ત્યારબાદ ૩૦ જાન્યુઆરીએ કબાટમાં જોયુ તો રૂ. ૧.૯૦ લાખની કિંમતના દાગીના ગાયબ હતા. શિક્ષકની ફરીયાદ આધારે ઈન્ફોસીટી પોલીસે દાગીનાની ચોરી મામલે ગુનો નોંધી શકમંદોની પુછપરછ માટે કવાયત શરૂ કરી છે.

# આઈઆઈટીઈ દ્વારા 'બાપુ સ્કૂલ મે' અભિયાન

ગાંધીનગર, તા.૨

મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિની ઉજવણીના ભાગરૂપે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા 'બાપુ સ્કૂલ મેં' કોમ્યુનિટી આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરી ગાંધીજીને અનોખી અંજલી આપવામાં આવી હતી. તા.૨૬મી જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ મળીને ગાંધી વિચાર વિસ્તારકોએ રાજ્યવ્યાપી પ્રવાસ કર્યો હતો. જેમાં 'બાપુ સ્કૂલ મેં' અભિયાન અંતગર્ત ૩૩ જિલ્લા અને ૭ મહાનગરોની સ્કૂલો તથા કોલેજ મળી ૧.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓમાં ગાંધીજીના જીવન મૂલ્યોનો પ્રસાર કર્યો હતો. આ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓએ ગુજરાતમાં પદ્મશ્રીથી સન્માનિત નાગરિકો ગફુરભાઈ બિલખિયા, શાહબુદ્દીન રાઠોડ, પ્રવીણ દરજી તથા ગાંધીજનો અરૂણ દવે, નરોત્તમ પલાણ જેવા વિવિધ સંશોધકો સાથે સંવાદ સાધ્યો હતો. આ કાર્યમાં આઈઆઈટીઈ કુલપતિ ડૉ. હર્ષદ પટેલ દ્વારા અભિયાન સાથે જોડાયેલા શિક્ષકો તથા અધ્યાપકોના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો.

આ અભિયાન અંતર્ગત તા. ૨ ફેબ્રુઆરીના રોજ આઈઆઈટીઈના અભિયાન સાથે જોડાયેલ વિદ્યાર્થીઓએ ડૉ. હર્ષદ સમક્ષ પોતાના અનુભવોનું કથન કર્યું હતું તથા તેમના હસ્તે સર્ટીફીકેટ મેળવ્યા હતા.

# રહેણાંક સાથેની કોમર્શિયલ સ્કીમના પાર્કિંગ લોટમાં રમાતી રમત...!!

## કોમર્શિયલ બાંધકામ હોય તેવી રહેણાંક સ્કીમોનું બેઝમેન્ટ પાર્કિંગ રેસિડેન્શિયલને ફાળવાઈ જાય છે : આ પ્રકારના કોમર્શિયલ બાંધકામમાં પાર્કિંગ લોટ ફાળવવામાં ભાવિ સ્થિતિને નજરઅંદાજ કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૨

થોડા સમય પહેલા આવેલી અમિતાભ બચ્ચનની ખૂબ વખણાયેલી ફિલ્મ 'પા'માં અભિષેક બચ્ચને એક સુધારાવાદી યુવા રાજકારણીનો રોલ અદા કર્યો હતો જે એકવાર પોતાના બિલ્ડર મિત્રએ બનાવેલા શોપીંગ મોલનું ઉદઘાટન કરવા પહોંચે છે ત્યારે રિબન કાપતા પહેલા કાતર બરાબર ચાલતી નથી તેવો અભિનય કરતા કહે છે 'લગતા હૈ પાર્કિંગ લોટ કાટતે કાટતે કૈંચી ખરાબ હો ગઈ હૈ' આ સાંભળી પેલો બિલ્ડર મિત્ર તેના કાનમાં પાર્કિંગ લોટ વધારી દેવાની હૈયાધારણ આપે છે. પછી જ અભિષેક રિબન કાપી મોલનું ઉદઘાટન કરે છે. આ પ્રસંગ એટલા માટે યાદ આવી રહ્યો છે કે સતત વકરતી જતી વાહન પાર્કિંગની સમસ્યાના સમયમાં હાલ રીઅલ એસ્ટેટ ડેવલપર્સ દ્વારા પાર્કિંગ લોટ બાબતે હજુ પણ સતત બેવડી નીતિ અપનાવીને અપુરતી પાર્કિંગ સ્પેસ સાથેની પ્રોપર્ટીઝ ગ્રાહકોને પધરાવી દેવામાં આવી રહી છે જેમાં જે તે જવાબદાર તંત્રની પણ મીલીભગતની સામેલગીરી જોવા મળી રહી છે.

આમ તો એક તરફ રીઅલ એસ્ટેટ ક્ષેત્રે મંદી હોવાની હવા ચાલી રહી હોવા છતાં પ્રોપર્ટીઝના ભાવો હજુ પણ તેજીના સમયગાળાની યાદ અપાવી રહ્યા છે તો બીજી તરફ આટઆટલા ઊંચા ભાવ વસુલવા છતાં કેટલાક




ડેવલપર્સ દ્વારા ગ્રાહકો સાથે ખૂબ અગત્યની એવી પાર્કિંગ સ્પેસ સહિતની સુવિધાઓ આપવામાં છેતરામણી રમતો રમવામાં આવે છે. આજના યુગમાં બહુમાળી ફલેટનું ચલણ ખૂબ વધી ગયું છે અને તેમાં ત્રણ પ્રકારની સ્કીમ બજારમાં જોવા મળી રહી છે એક તો જે માત્ર રેસિડેન્શિયલ પ્રોપર્ટીઝ છે અને બીજી માત્ર કોમર્શિયલ સ્કીમ હોય છે. આ ઉપરાંત ત્રીજો પ્રકાર રેસિડેન્શિયલ પ્રોપર્ટી સાથે કોમર્શિયલ સ્કીમના મિશ્રણનો છે જેમાં પાર્કિંગ લોટ બાબતે કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદનારને મોટે ભાગે અન્યાય થતો જોવાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વધી ગયેલી પાર્કિંગ સમસ્યાને અનુલક્ષીને પહેલા અને બીજા





પ્રકારની માત્ર રેસિડેન્શિયલ અથવા માત્ર કોમર્શિયલ સ્કીમમાં હવે મોટે ભાગે પ્રોપર્ટી ખરીદનારને ફરજીયાત એલોટેડ પાર્કિંગ સ્પેસ લેવી પડે છે જે આવકારદાયક બાબત છે, જો કે આ પેટે ઉઘરાવવામાં આવતી કિંમત કેટલી વ્યાજબી હોય છે તે આખો એક અલગ વિષય છે. પરંતુ ત્રીજા પ્રકારની રેસિડેન્શિયલ અને કોમર્શિયલની સંયુકત પ્રોપર્ટીઝ ધરાવતી સ્કીમમાં કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદદારોને છેતરાણીનો ભોગ બનવું પડતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. પહેલા બંને પ્રકારની સ્કીમમાં સંપૂર્ણ બેઝમેન્ટ પાર્કિંગ સ્કીમને ઉપલબ્ધ બને છે જયારે ત્રીજા પ્રકારની સ્કીમમાં મોટે ભાગે બેઝમેન્ટ પાર્કિંગ રેસિડેન્શિયલ પ્રોપર્ટીઝ ખરીદનારને જ ફાળવી દેવામાં આવે છે. આ પ્રકારની સ્કીમમાં કોમર્શિયલ બાંધકામ બહારની સાઈડ હોવાથી જે તે શોપીંગ કોમ્પ્લેક્ષની બહારની ઓપન પાર્કિંગ સ્પેસને તેના પાર્કિંગ તરીકે દેખાડી દેવામાં આવે છે તેથી કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદનારની નાણાં ખર્ચવાની તૈયારી હોવા છતાં એલોટેડ પાર્કિંગ મળી શકતું નથી.

જે સ્કીમમાં રેસિડેન્શિયલ સાથે કોમર્શિયલ બાંધકામ જોડાયેલું હોય છે તે સ્કીમમાં ધારી લો કે ગ્રાઉન્ડ, ફર્સ્ટ અને સેકન્ડ ફલોર સુધીનું કોમર્શિયલ બાંધકામ હોય તો તે દુકાનો, શો રૂમ્સ તથા ઓફિસ જયારે સંપૂર્ણ કાર્યરત બને ત્યારે તેના માલિકો, સંચાલકો તથા તેમાં કામ કરનાર સ્ટાફ વગેરેનું પાર્કિંગ તો નિયમતિ બની જાય છે જે મોટે ભાગે સવારથી સાંજ સુધી રોકાયેલું રહે છે હવે, માત્ર કોમર્શિયલ બાંધકામની સામેની ઓપન પાર્કિંગ સ્પેસને જ તેમના માટે પાર્કિંગ સુવિધા તરીકે ફાળવેલ હોય ત્યારે તે સંપૂર્ણ પણે રોકાઈ જાય તેવી સ્થિતિ સર્જાય છે અને પછી આ સંજોગોમાં ત્યાં આવતા ગ્રાહકો અને મુલાકાતીઓ વગેરે માટે તો પાર્કિંગ સ્પેસ વધતી જ નથી જેના પગલે તેમના વાહનોનું આડેધડ નડતરરૂપ પાર્કિંગ થવાની સમસ્યા સર્જાય છે. આમ જુઓ તો ત્રણેય પ્રકારની સ્કીમમાં થોડે ઘણે અંશે ડેવલપર્સ દ્વારા નિયમોનું પોતાની રીતે અર્થઘટન કરી તેમાં તડજોડ કરવાના રસ્તા કાઢી લેવામાં આવે છે જેની જે તે જવાબદાર તંત્ર દ્વારા કદાચ વિવિધ કારણોસર યોગ્ય ચકાસણી પણ કરવામાં આવતી નથી. આ કારણે પ્લાનમાં જે દર્શાવ્યું હોય તેના કરતા જયારે સ્કીમ તૈયાર થાય ત્યારે વાસ્તવિક ચિત્ર કંઈક અલગ જ ખડું થાય તેવી સ્થિતિ સામાન્ય બનતી જાય છે. વળી, વારંવાર 'રિવાઈઝ પ્લાન'ના ઓથા તળે કયારે ગ્રાહક સાથે તેના હક્કની સુવિધા છીનવી લેવામાં આવે છે તે તો તેને ખબર પણ ના પડે તેવા કારનામાની સંખ્યા પણ ઓછી નથી.

હવે એ સમય ચાલી રહ્યો છે જેમાં પાર્કિંગ બાબતે જો હજુ પણ ક્ષેત્રવાર અને તબક્કાવાર જવાબદારી પૂર્વકનું યોગ્ય નિયમન અનુસરવામાં નહીં આવે તો આ સમસ્યા સમાજમાં માનસિક તણાવ વધારવાના કારણોમાં નોંધપાત્ર ફાળો પુરો પાડશે તેમાં લેશમાત્ર શંકા નથી. સંપૂર્ણ રેસિડેન્શિયલ હોય કે સંપૂર્ણ કોમર્શિયલ અથવા બંનેની સંયુકત સ્કીમ હોય પરંતુ પ્રોપર્ટી ખરીદનારને યોગ્ય અને વ્યાજબી ભાવે ફરજિયાત એલોટમેન્ટ કરેલી પાર્કિંગ સ્પેસ આપવા સાથે મુલાકાતીઓ માટે પણ પુરતો પાર્કિંગ લોટ ફરજિયાત રાખવામાં આવે તે અત્યંત જરુરી બનતું જાય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**

**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)** ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)** ૧૧.૪૫, ૫.૪૫
**તાન્હાજી (૩-ડી)** ૩.૦૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ** - ૧૦.૦૦
**પંગા** - ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૧.૦૦
**કેમ છો? (ગુજરાતી)** - ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)** - ૪.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**સ્ટ્રીટ ડાન્સર** ૧.૧૫, ૭.૧૫
**તાન્હાજી** ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
**પંગા** - ૫.૧૫
**જવાની જાને મન** ૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ** ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૭.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ** ૧.૦૦
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)** ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**જવાની જાને મન** ૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ** ૪.૫૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ** ૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)** ૧૧.૫૦, ૭.૩૫
**સ્ટ્રીટ ડાન્સર** - ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
**પંગા** - ૭.૧૫
**તાન્હાજી** - ૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**જવાની જાને મન** ૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ** ૪.૪૫
**ગુલ મકઈ** - ૨.૦૦
**બેડ બોયઝ ફોર લાઈફ** ૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)** ૧.૨૦, ૧૦.૧૫
**સ્ટ્રીટ ડાન્સર** ૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**પંગા** - ૧૧.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૩.૪૦
**તાન્હાજી** - ૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦

## આવતીકાલે સમર્પણ કોલેજમાં સંસ્કૃત કાર્યશાળાનું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતેની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને ગુજરાત સાહિય અકાદમીના સંયુકત ઉપક્રમે આગામી તા. ૪થી ફેબ્રુઆરી મંગળવારે સમર્પણ કોલેજ કેમ્પસ ખાતે 'સંસ્કૃત સાહિત્ય કૃતિઓના રસાસ્વાદ' વિષયક એક દિવસીય રાજય સ્તરીય કાર્યશાળાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. જેમાંઅધ્યક્ષપદે રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલા તથા મુખ્ય અતિથિ પદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડયા અને કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ આ પ્રસંગે પુરસ્કાર સન્માનિત વિદ્વાનો ડૉ. વિજયભાઈ પંડયા, બીજરૂપ વકતવ્ય આપશે. આ ઉપરાંત ડૉ. હર્ષદેવ માધવ 'આધુનિક સંસ્કૃત કૃતિઓ' અંગે તેમજ અન્ય વિવિધ વિષયે ડૉ. રવિન્દ્ર ખાંડવાલા, ડૉ. મહેશ પટેલ, ડૉ. નિરંજન પટેલ, ડૉ. યોગીનીબેન વ્યાસ અને ડૉ. ભાવપ્રકાશ ગાંધી સહિતના વકતાઓ સંસ્કૃતની કૃતિઓનો આસ્વાદ કરાવશે તેવું સંસ્થાના આચાર્ય ડૉ. દીપકભાઈ પંડયાએ જણાવ્યું હતું.